# OPERATIONAL GUIDLINE
# FOR
# PREMATRIC SCHOLARSHIP
# ON
# DIGITAL GUJARAT PORTAL

(ધોરણ ૧ થી ૧૦માં અભ્યાસ કરતા ફકત અનુજનજાતિનાં વિદ્યાર્થીઓ માટે)

આદિજાતિ વિકાસ  વિભાગ

ગુજરાત રાજય

ગાંધીનગર

Digital Gujarat :ગુજરાત સરકાર ધ્વારા દરેક વિભાગની પ્રજાલક્ષી વિવિધ યોજનાઓની કાર્યવાહી એક જ પ્લેટફોર્મ પરથી થઈ શકે તે માટે બનાવવામાં આવેલ કોમન પોર્ટલ છે.જેના ધ્વારા સરકારની વિવિધ યોજનાનો લાભ લઈ શકાય.

TDD :ગુજરાત સરકારનાં આદિજાતિ વિકાસ વિભાગનુ અંગ્રજીમાં ટુકુ નામ છે. જેમાં અનુસુચિત જનજાતિનાં વિધાર્થીઓની સ્કોલરશીપ તથા ગણવેશને લગતી યોજનાકીય કામ કરી શકાશે.

**UID:** યુઆઈડી (Unique Identifier) ૧૨ આંકનો આધાર નંબર ભારત સરકારની યુઆઈડીએઆઈ ધ્વારા ભારતનાં દરેક નાગરિકને આપવામાં આવેલ યુનીક કોડ છે.જેને આધારનંબર તરીકે ઓળખવામાં આવે છે. આધારનંબર ૦ કે ૧ થી શરૂ થતો નથી. મહતમ ૧૨ આંકનો જ હોય છે.

**SSA CODE:** સર્વશીક્ષા અભિયાન ધ્વારા દરેક વિધાથીને એક યુનીક આઈડેન્ટીટી કોડ આપવામાં આવેલ છે. આ કોડ ૧૮ આંકનો છે.

**IFSC CODE:** IFSC Code ઈન્ડીઅન ફાયનાન્સીઅલ સિસ્ટમ કોડ ૧૧ આલ્ફા ન્યુમેરિક કોડ છે. જે ભારતીય રીઝવ બેંક ધ્વારા ભારતની દરેક બેંકની દરેક શાખાને આપેલ એક યુનીક કોડ છે. જે બેંક તેમજ તેની શાખા મુજબ અલગ અલગ હશે.

**Aadhaar Linking/Seeding :** વિધાર્થીનાં બેંકનાં ખાતા નંબર અને આધારનંબરને જોડવાની ક્રિયાને આધારલીકીગ અથવા સિડીગ કહે છે.

**VKY** : ગુજરાત સરકાર ધ્વારા આદિજાતિનાં ઈસમોનાં સર્વાંગી વિકાસ માટે વિવિધ યોજનાઓનું એકત્રીકરણ નામ વનબંધુ કલ્યાણ યોજનાનું ટુંકુ નામ વીકેવાય (VKY) છે.

* જે ફીલ્ડ આગળ લાલ કલરની એસ્ટ્રીક ની નીશાની આવે તે ફીલ્ડ ફરજિયાત પણે ભરવાના અર્થાત તેમાં માંગેલ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

| | |
|---|---|
|  | ગોળ આકારની રચના ધરાવતી પ્રતિકૃતિને રેડીયો બટન કહેવામાં આવે છે તેમાં આપેલાં ઓપ્શન પૈકી કોઈ એક જ પસંદ કરી શકાય. |
|  | લંબચોરસ/ ચોરસ આકાર ધરાવતી આ પ્રતિકૃતિને ટેક્સ બોક્સ કહે છે. તેમાં તમે માંગેલ માહિતી લખી શકો છો. |
|  | લંબચોરસ/ ચોરસ આકાર ધરાવતી આ પ્રતિકૃતિને કોમ્બો બોક્સ કહે છે. અહી માહિતી (વિકલ્પ) પહેલેથી જ આપી દીધી છે. ફકત માગેલ માહિતી મુજબ જે લાગુ પડતુ હોય તેને પસંદ કરવાનું હોય છે.ફકત એક જ માહિતી (વિકલ્પ)પસંદ થશે. |

Govt. Gujarat Tribal Development department is issued pre matric scholarship every year.

## 1. Scholarship Value (સ્કોલરશીપ નાં દર નીચે મુજબ છે.)

- VKY (153) Pre matric scholarship for std 1 to 8 for Boys 500rs per annum(વીકેવાય ૧૫૩ પ્રિ–મેટ્રીક સ્કોલરશીપ ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતા <u>કુમાર</u> માટે વાર્ષિક ૫૦૦રૂા)
- VKY (153) Pre matric scholarship for std 1 to 5 for Girls 500rs per annum(વીકેવાય ૧૫૩ પ્રિ–મેટ્રીક સ્કોલરશીપ ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતી <u>કન્યા</u> માટે વાર્ષિક ૫૦૦રૂા)
- VKY (153) Pre matric scholarship for std 6 to 8 for Girls 750rs per annum(વીકેવાય ૧૫૩ પ્રિ–મેટ્રીક સ્કોલરશીપ ધોરણ ૬ થી ૮માં અભ્યાસ કરતી <u>કન્યા</u> માટે વાર્ષિક ૭૫૦રૂા)
- VKY(153) Pre matric scholarship for std 9 to 10 for Boys & Girls 750rs per annum. Whose parents/guardians income is more than 2.00 lakhs.(વીકેવાય ૧૫૩ પ્રિ–મેટ્રીક સ્કોલરશીપ ધોરણ ૯ થી ૧૦માં અભ્યાસ કરતા <u>કુમાર</u> અને <u>કન્યા</u> માટે વાર્ષિક ૭૫૦રૂા. જેનાં માતાપિતા/વાલીની ગત નાંણાંકીય વર્ષની વાર્ષિક આવક ૨.૦૦ લાખથી વધુ હોવી જોઈએ.)

### <u>Most Backward (Atti Pachchat) અતિ પછાત</u>

- VKY (153) Pre matric scholarship for std 1 to 8 for Boys & Girls 750rs per annum. (વીકેવાય ૧૫૩ પ્રિ–મેટ્રીક સ્કોલરશીપ ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતા અનુજનજાતિ પૈકી <u>અતિ પછાત જાતિનાં</u> <u>કુમાર</u> તથા <u>કન્યા</u> માટે વાર્ષિક ૭૫૦રૂા)

- VKY (153) Pre matric scholarship for std 9 to 10 for Boys & Girls 1000rs per annum income more than 2.00 lakhs.(વીકેવાય ૧૫૩ પ્રિ–મેટ્રીક સ્કોલરશીપ ધોરણ ૯ થી ૧૦માં અભ્યાસ કરતા_અનુજનજાતિ પૈકી<u> અતિ પછાત જાતિના</u> <u>કુમાર</u> અને <u>કન્યા</u> માટે વાર્ષિક ૭૫૦રૂા. જેનાં માતાપિતા/વાલીની ગત નાંણાંકીય વર્ષની વાર્ષિક આવક ૨.૦૦ લાખથી વધુ હોવી જોઈએ.)

## ૨. <u>ગણવેશ સહાય </u>(Uniform assistance)

VKY (159) Uniform assistance of two pairs to the children studying in std 1 to 8 for Boys & Girls 600rs per annum. (વીકેવાય ૧૫૯ ગણવેશ સહાય ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતા અનુજનજાતિનાં <u>કુમાર</u> તથા <u>કન્યા</u> માટે વાર્ષિક ૬૦૦રૂા)

## ૩.ભારત સરકાર પ્રિ–મેટ્રીક સ્કોલરશીપ (ધોરણ ૯ ૧૦ માટે)

- ધોરણ ૯ થી ૧૦માં અભ્યાસ કરતા_અનુજનજાતિ ના કુમાર અને કન્યા માટે જો હોસ્ટેલર હોય તો વાર્ષિક રૂા ૪૫૦૦ તથા હોસ્ટેલમાં ન રહેતા હોય તે ડે સ્કોલર ને વાર્ષિક રૂા ૨૨૫૦ જેનાં માતાપિતા/વાલીની ગત નાંણાંકીય વર્ષની વાર્ષિક આવક રૂ ૨.૦૦ લાખથી ઓછી હોવી જોઈએ.)

In table form

| Sr. No | Scheme યોજના | Description વર્ણન | Rate Of Scholarship સ્કોલરશીપનો દર | Income Limit આવક મર્યાદા |
|---|---|---|---|---|
| 1 | VKY (153) વીકેવાય ૧૫૩ નવો વીકેવાય ૧ | Pre matric scholarship for std 1 to 8 for Boys ધોરણ ૧ થી ૮ નાં કુમાર માટે પ્રિ–મેટ્રીક સ્કોલરશીપ | 500/- p.a વાર્ષિક ૫૦૦રૂા | No Income Limit કોઈ આવક મર્યાદા નથી |
| 2 | VKY (153) વીકેવાય ૧૫૩ નવો વીકેવાય ૧ | Pre matric scholarship for std 1 to 5 for Girls ધોરણ ૧ થી ૫ ની કન્યા માટે પ્રિ–મેટ્રીક સ્કોલરશીપ | 500/- p.a વાર્ષિક ૫૦૦રૂા | No Income Limit કોઈ આવક મર્યાદા નથી |
| 3 | VKY (153) વીકેવાય ૧૫૩ નવો વીકેવાય ૧ | Pre matric scholarship for std 6 to 8 for Girls ધોરણ ૬ થી ૮ ની કન્યા માટે પ્રિ–મેટ્રીક સ્કોલરશીપ | 750/- p.a વાર્ષિક ૭૫૦રૂા | No Income Limit કોઈ આવક મર્યાદા નથી |
| 4 | VKY (153) વીકેવાય ૧૫૩ નવો વીકેવાય ૧ | Pre matric scholarship for std 1 to 8 for Boys & Girls (Primitive Tribe) (Most Backward) (Atti Pachchat) | 750/- p.a વાર્ષિક ૭૫૦રૂા | No Income Limit કોઈ આવક મર્યાદા નથી |
| 5 | VKY (153) વીકેવાય ૧૫૩ નવો વીકેવાય ૧ | Pre matric scholarship for std 9 to 10 for Boys & Girls પ્રિ–મેટ્રીક સ્કોલરશીપ ધોરણ ૯ થી ૧૦માં અભ્યાસ કરતા_અનુજનજાતિ કુમાર અને કન્યા માટે | 750/- p.a વાર્ષિક ૭૫૦રૂા | Income more than 2.00 Lakhs વાર્ષિક આવક ૨.૦૦ લાખથી વધુ હોવી જોઈએ |
| 6 | VKY (153) વીકેવાય ૧૫૩ | Pre matric scholarship for std 9 to 10 for Boys & Girls(Primitive Tribe) (Most Backward) (Atti Pachchat) | 1000/- p.a વાર્ષિક ૧૦૦૦રૂા | Income more than 2.00 Lakhs વાર્ષિક આવક ૨.૦૦ લાખથી વધુ |

| | | | | |
|---|---|---|---|---|
| | નવો વીકેવાય ૧ | પ્રિ–મેટ્રીક સ્કોલરશીપ ધોરણ ૯ થી ૧૦માં અભ્યાસ કરતા_અનુજનજાતિ પૈકી **અતિ પછાત જાતિના** **કુમાર** અને **કન્યા** માટે | | હોવી જોઈએ |
| 7 | વીકેવાય ૩૬<br>નવો વીકેવાય ૨ | Pre matric scholarship for std 9 to 10 for Boys & Girls<br>પ્રિ–મેટ્રીક સ્કોલરશીપ ધોરણ ૯ થી ૧૦માં અભ્યાસ કરતા_અનુજનજાતિ **કુમાર** અને **કન્યા** માટે | હોસ્ટેલમાં રહેતા વિધાર્થીઓ માટે વાર્ષિક રૂા ૪૫૦૦<br>ડે સ્કોલર(હોસ્ટેલ સિવાયનાં) વિધાર્થીઓ માટે વાર્ષિક રૂા ૨૨૫૦ | વાર્ષિક આવક ૨.૦૦ લાખથી ઓછી હોવી જોઈએ |

# 3. Eligibility Criteria:

1. The students should belong to Schedule Tribe.
   વિધાર્થી અનુસુચિત જનજાતિનો હોવો જોઈએ.
2. No Income limit up to standard 1st to 8th.
3. He/She should have an aadhar card in std 9th and 10th in case he/she should not have, he/she shall secure an aadhar card by visiting the enrollment centre.
   ધોરણ ૯ થી ૧૦માં કુમાર/કન્યા દરેક પાસે આધાર કાર્ડ હોવુ ફરજિયાત છે તેમની પાસે આધારકાર્ડન હોય તો નજીકનાં એનરોલમેન્ટ સેન્ટરમાં જઈ એનરોલ કરાવવુ જોઈએ.
4. He/She should be regular, full time student studying in any government recognise school.
   કુમાર/કન્યા દરેક રેગ્યુલર, ફુલ ટાઈમ સરકાર માન્ય કોઈપણ સ્કુલમાં અભ્યાસ કરતો હોવો જોઈએ.
5. If a student has to repeat a class he/she shall not get scholarship for that class for a second year.
   જો વિધાર્થી એક ધોરણ નપાસ થાય તો તેને ફરીથી તે વર્ષ માટે સ્કોલરશીપ ના મળે.
6. Each student shall have Bank Account in his/her name from any of the nationalised banks ( Preferable ). Students who are minors shall have a joint account in the name of student and parents/guardian.
   દરેક વિધાર્થીનું તેમનાં નામે શકય હોય ત્યાં સુધી નેશનલાઈઝ બેંકમાં ખાતુ હોવુ જોઈએ. જો વિધાર્થી માઈનર હોયતો તેનાં વાલી/પાલક સાથે જોઈન્ટ ખાતુ હોવુ જોઈએ.

7. Scholarship obtaining benefits under this scheme shall not be allowed to avail of benefits under any other pre-matric scholarship scheme.
આ યોજના હેઠળ લીધેલ સ્કોલરશીપ હોયતો અન્ય કોઈપણ બીજી પ્રિ–મેટ્રીક યોજના માટે સ્કોલરશીપ ના મળે.

## ફરજિયાત શું સાથે રાખશો:

૧. ધોરણ–૯ અને ૧૦માં વિધાર્થીનો પોતાનો આધારનંબર હોવો ફરજિયાત છે.

૨. વિધાર્થીનો બેંક ખાતાનંબર (બેંક એકાઉન્ટ ) હોવો ફરજિયાત છે.

૩ .ધોરણ–૯ અને ૧૦માં વિધાર્થીના આધારનંબર તેના બેંક એકાઉન્ટ નંબર સાથે લીંક/સિડીગ કરાવુ ફરજિયાત છે.

૪. ધોરણ–૧ અને ૮મા વિધાર્થીનો સર્વશિક્ષા અભિયાનનો યુનીક કોડ નંબર અથવા આધારનંબર હોવો ફરજિયાત છે.

## સ્કોલરશીપ ના મંજુર થવાના કારણો:

૧. જો વિધાર્થીનાં રજિસ્ટ્રેશનમાં બેંક એકાઉન્ટ નંબરની ખોટી એન્ટ્રી કરેલ હશે તો તેની એપ્લીકેશન નાંમંજૂર થશે તેની જવાબદારી શાળાની રહેશે.

૨. જો વિધાર્થીનાં રજિસ્ટ્રેશનમાં આઈએફસીકોડ(IFSC Code) નંબરની ખોટી એન્ટ્રી કરેલ હશે તો તેની એપ્લીકેશન નામંજૂર થશે તેની જવાબદારી શાળાની રહેશે.

૩. જો વિધાર્થીનાં રજિસ્ટ્રેશનમાં ખોટી વિગત ભરેલ હશે તો તેની એપ્લીકેશન નાંમંજૂર થશે.તેની જવાબદારી શાળાની રહેશે.

૪. જો શાળાએ નિયત સમયમર્યાદામાં અરજી કરેલ ન હોય તો તેની જવાબદારી શાળાની રહેશે.

નોંધ :જો  વેબસાઈટમાં ટેકનીકલ ખામી ને કારણે અથવા તો અન્ય આકસ્મિક કારણોસર તો તે ખામી દુર થાય ત્યારબાદ સમય મર્યાદા અરજી ઓનલાઈન કરવાની રહેશે.ટેકનીકલ ખામી વાળી અરજીની આગળની કાર્યવાહી થઈ શકશે નહી.

## ❖ શાળાઓએ ઓનલાઇન દરખાસ્ત કરવા માટે ધ્યાનમાં રાખવાનાં મુદ્દા:-

1. ઓનલાઇન દરખાસ્ત http://www.digitalgujarat.gov.inમારફતે કરવાની રહેશે.નવા વર્ષનું તમમ કામ Financial year (નણાંકીય વર્ષ) ૨૦૧૮-૧૯માં કરવાનું રહેશે.

2. સદરહું પોર્ટલ વર્ષ:૨૦૧૭-૧૮ થી શરૂ થયેલ હોઇ ગત વર્ષે દરેક શાળાઓ/ આશ્રમશાળાઓને આપવામાં આવેલ Login ID/ Pass Word નાં આધારે જ કામગીરી કરવાની રહેશે. શાળાનાં આચાર્યશ્રી પોતાનો પાસવર્ડ ભૂલી ગયેલ હોય તો " Forgot Password" નો ઉપયોગ કરી નવો પાસવર્ડ મેળવી લેવાનો રહેશે.
3. શૈક્ષણિક વર્ષ:૨૦૧૮-૧૯માં નવી જ શરૂ થયેલ શાળા/આશ્રમશાળાઓએ તેમનો નવો મળેલ શાળાનો DISE CODE એ તેઓના યુઝર આઇડી રહેશે.▯ને By default તેમનો પાસવર્ડ Abcd@1234 રહેશે.પ્રથમ વખત લોગીન થયા બાદ આચાર્યશ્રીએ તે પાસવર્ડ બદલવાનો રહેશે.
4. જો કોઇ વિદ્યાર્થી શાળા છોડી ▯ન્ય શાળાઓ ગયેલ હોય તો તેવા વિદ્યાર્થીની એન્ટ્રી ફરજિયાત Delete (ડીલીટ) કરવાની રહેશે.
5. ગત વર્ષે એન્ટ્રી કરેલ તમામ વિદ્યાર્થીઓની માહિતી વર્ષ:૨૦૧૮-૧૯માં તેઓનું ધોરણ ૧ વર્ષ Promote કરીને મૂકવામાં આવેલ છે જેથી શાળાઓએ ગત વર્ષનાં વિદ્યાર્થીઓની એન્ટ્રી ફરી કરવાની રહેતી નથી. પરંતુ જે વિદ્યાર્થીઓની ગતવર્ષે એન્ટ્રીમાં ભૂલો/ક્ષતિ થયેલી/રહેલી છે. તે edit કરીને તેને સુધારી લેવાની રહેશે. જે વિદ્યાર્થીને ડ્રાફ્ટ આવેલ છે તેનો બેંક એકાઉન્ટ ફરીથી નાખવાનો રહેશે.
6. દરેક વિદ્યાર્થીનો બેંક એકાઉન્ટ નંબર સાચો નાખવામાં આવે કેટલીક શાળાઓમાં આચાર્યશ્રી ધ્વારા બહારથી આઉટ સોર્સીગથી ડેટા એન્ટ્રી કરાવેલ છે. તેવો ધ્વારા બેંક એકાઉન્ટ નંબર 'જીરો'(0) નાખવામાં આવેલ છે. ▯થવા ▯ન્ય કોઇ આકડા નાખવામાં આવેલ છે. તેવી જ રીતે IFSC કોડ પણ ખોટા નાખવામાં આવેલ છે. જેના કારણે ખોટા ખાતામાં રૂપિયા જમા થઇ શકે છે. માટે શાળાના આચાર્યશ્રીએ ડેટા એન્ટ્રી શાળામાં જ કરાવવી. ડેટા એન્ટ્રી કર્યાબાદ આચાર્યશ્રીએ બેંક ને લગતી તમામ માહિતી ફરીથી ચકાસવી. ▯ને ત્યારબાદ જ તેને આગળ મોકલવી.
7. શાળાના આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટ સમુહમાં ખોલાવવા કેટલાક આચાર્યશ્રી ધ્વારા બેંક એકાઉન્ટ ન ધરાવતા વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટ નંબરમાં શાળાના બેંક એકાઉન્ટ નંબર નાખવામાં આવે છે. શિષ્યવૃત્તિ/ગણવેશ સહાયની રકમ વિદ્યાર્થી ▯થવા વાલીના ખાતામાં જ જમા થવી જોઇએ તે મુજબની જ કાર્યવાહી કરવાની રહેશે.
8. આચાર્યશ્રી ધ્વારા વિદ્યાર્થીના માતા/પિતા/વાલી પાસેથી વિદ્યાર્થીનાં બેંક એકાઉન્ટ ▯ને આધાર નંબર શિષ્યવૃત્તિ માટે ઉપયોગ કરી શકે છે તે માટે શિષ્યવૃત્તિ યોજનાનો લાભ લેવા માટે ઉપયોગ કરી શકે તે માટે તેઓ સંમત છે તે પ્રકારનું સંમતીપત્રક લેવાનું રહેશે. તે મુજબનો રેકોર્ડ શાળા ખાતે રાખવાનો રહેશે.
9. ડેટા એન્ટ્રી કરવામાં વિદ્યાર્થી છોકરી છે કે છોકરો તે ખાસ ચેક કરવુ તેમાં રકમનો ફેરફાર હોઇ તેમાં ભૂલ ન થાય તે ધ્યાન રાખવું.
10. વિદ્યાર્થીનું બેંક એકાઉન્ટ મુજબ નામમાં જે મુજબનું નામ પાસબુકમાં હોય તે મુજબની જ એન્ટ્રી કરવી. જેમ કે શાળાના રેકર્ડ ઉપર "Heena" છે. ▯ને બેંક પાસબુકમાં "Hina" છે. તો "Hina" એન્ટ્રી કરવી. તવી જ રીતે "BHAI" ▯ને "Kumar","SINH" ▯ને "SINGH"માં ભૂલોની શકયતા છે ખાસ ચેક કરવું
11. કેટલીક બેંકમાં એકાઉન્ટ નંબર (0)થી શરૂ થાય છે. આવા નંબર આગળ જીરો(0) લખવું ફરજિયાત છે.

12. સોરાષ્ટ્ર ગ્રામીણ બેંક માં બેંક એકાઉન્ટ નંબર વચ્ચે ડેશ(-) આવે છે. જે ડેશ કાઢીને સળગનંબર લખવાનો રહેશે.
13. આઇ.એફ.એસ.સી કોડ ૧૧ આલ્ફાન્યુમેરીક અંકનો હોય છે. તેમાં પાંચમુ કેરેક્ટર જીરો(0) આવે છે.
14. ધોરણ ૯ થી ૧૦માં  ભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે આધારનંબર ફરજિયાત છે.ધોરણ ૯ થી ૧૦માં આધારનંબરનું વેરીફાયડ કરાવવું ફરજિયાત છે.
15. ધોરણ ૯થી૧૦માં ૨.00 લાખથી ઓછી આવક ધરાવતાં વિદ્યાર્થીઓ માટે જાતિનો દાખલો તથા આવકનો દાખલો  પલોડ કરવાનો રહેશે. ૨.00 લાખથી વધુ આવકમાં ડોક્યુમેન્ટસ  પલોડ કરવાનો રહેશે નહી.
16. ધોરણ ૯થી૧૦માં વિદ્યાર્થીના ગત વાર્ષિક પરીક્ષામાં મેળવેલ ગુણની ટકાવારી લખવી ફરજિયાત છે.
17. વિદ્યાર્થીના ખાતા સ્ટેટબેંક ઓફ પટિયાલા, સ્ટેટ બેંક ઓફ મૈસુર, સ્ટેટ બેંક ઓફ હૈદરાબાદ, સ્ટેટ બેંક ઓફ બીકાનેર  ને જયપુરમાં હોય આવી બેંકો એસબીઆઇ (SBI)માં મર્જ થયેલ હોવાથી તેમનાં ખાતા નંબર IFSC કોડ નવા ચકાસીને નાખવાં.
18. શાળાના આચાર્યશ્રીએ વાલીઓને સૂચના આપવી કે શિષ્યવૃત્તિની રકમ જમા ના થાય ત્યાં સુધી બેંક એકાઉન્ટ બંધ કરાવવું નહી શાળાના આચાર્યશ્રીએ પોર્ટલમાં ડેટા એન્ટ્રી કરેલ બેંક એકાઉન્ટ ડોરમેટ કે ઇનએક્ટીવ નથી જેની ખાતરી કરાવીને જ પ્રપોઝલ બનાવવી.
19. શાળાના આચાર્યશ્રીએ સ્ટુડન્ટ રજિસ્ટર  ને સ્કીમ રજિસ્ટર ચકાસ્યા બાદ જ પ્રપોઝલ ફોરવર્ડ કરવાની રહેશે.
20. સોરાષ્ટ્ર ગ્રામીણ બેંક :- SBIN0RRSRGB

    દેના ગુજરાત ગ્રામીણ બેંક :- BKDN0700000

    બરોડા ગુજરાત ગ્રામીણ બેંક :- BARB0BGGBXX

આ ત્રણેય ગ્રામીણ બેંકમાં IFSC Code તેમની તમામ શાખાઓ (બ્રાન્ચ) માટે એક જ આવે જે ધ્યાનમાં લેવું.

**ગત વર્ષે જે વિધાર્થીનાં ડીમાન્ડડ્રાફ્ટ (ડીડી) આવેલા હશે તેનાં બેંક ખાતા નંબર ફરીવાર બે વખત નાખવા પડશે.**

1. URL : www.digitalgujarat.gov.in સો પ્રથમ આ વેબસાઈટ પર જાવ.




2. ઉપરોકત વેબસાઈટ ખુલતા. 

લોગીન બટન પર કલીક કરો.
3. લોગીન પર કિલક કરતા નીચે મુજબનાં ત્રણ લોગીન યુઝર જોવા મળશે.




4. તે પૈકી દરેકે સ્કુલ લોગીન/ રજિસ્ટર **School Login/Register** પર કલીક કરવાનું રહેશે.

5. સ્કુલ લોગીન/ રજિસ્ટર પર કલીક કરતા નીચે મુજબની સ્કિન જોવા મળશે.



| | |
|---|---|
| User Name : | યુઝર નેમમાં જેતે શાળાનો ડાયસ કોડ બાય ડીફોલ્ટ રહેશે. |
| Password | પાસવર્ડમાં શરૂઆતમાં બાય ડીફોલ્ટ રહેશે. જે પાછળથી ફરજિયાત તમારે તમને સરળતાથી યાદ રહે તે રીતે ચેન્જ કરવાનો રહેશે. |
| Captcha | કેપ્ચામાં તમને નીચે દેખાતા આલ્ફા ન્યુમેરીક આંકડા એના એજ લખવાના રહેશે. |
| 9869c | આ ને કેપ્ચા કોડ કહેવામાં આવે છે જે અહીં આલ્ફા ન્યુમેરીક આંકડા છે. તે ડેટા એન્ટર કરવાનો હોય છે. |
| Login | ઉપરોક્ત માહિતી નાખ્યા બાદ છેલ્લે લોગીન બટન દબાવવાનુ રહેશે. |

લોગીન બટન દબાવતા નીચે મુજબ તમારી શાળાનું મેઈન પેજ(મુખ્ય ) ખુલશે.




૨૦૧૮–૧૯નું તમામ કામ માટે 2018-2019(01-04-2018 To 31-03-2019) પસંદ કરવાનું રહેશે.

# <u>નવાં વિદ્યાર્થીઓને પ્રપોઝલ(દરખાસ્ત)માં ઉમેરવા</u>




આને આપણુ મેઈન મેનુ કહેવામાં આવશે.અહી  સ્ટુડન્ટ રજિસ્ટર પર ક્લિક કરો.

## <u>વર્ષ ૨૦૧૮–૧૯માં નવો વિધાર્થી કોને ગણશો.</u>

- ધોરણ ૧માં નવો પ્રવેશ મેળવેલ.
- જયાં ફકત ધોરણ ૧ થી ૫ની શાળા હોય અને ૨૦૧૮–૧૯માં ધોરણ ૬માં બીજી શાળામાં પ્રવેશ મેળવતા હોય.
- અથવા કોઈપણ ધોરણમાં શાળા બદલેલ વિધાર્થી હોય.
- ધોરણ ૯માં નવો પ્રવેશ મેળવેલ.




સ્ટુડન્ટ એન્ટ્રીમાં ( **Student Entry**) નવા સ્ટુડન્ટની એન્ટ્રી થઈ શકશે

- ધોરણ ૧માં નવો પ્રવેશ મેળવેલ.
- જયાં ફકત ધોરણ ૧ થી ૫ની શાળા હોય અને ધોરણ ૬માં બીજી શાળામાં પ્રવેશ મેળવતા હોય.
- અથવા કોઈપણ ધોરણમાં શાળા બદલેલ વિધાર્થી હોય.
- ધોરણ ૯માં નવો પ્રવેશ મેળવેલ

વિધાર્થીની માહિતી (STUDENT ENTRY)દાખલ અથવા અપડેટ કઈ રીતે કરશો.







અહીં સર્વશિક્ષા અભિયાન દ્વારા આપવામાં આવેલ ૧૮ અંકનો યુનીક કોડ લખવાનો રહેશે. ગેટ ડીટેઈલ્સ પર કલિક કરતા સર્વશિક્ષા અભિયાનનાં ડેટાબેઝમાં રહેલ તમામ માહિતી આવી જશે. નોંધ: ચાલુ વર્ષે શાળા બદલેલ હોય પરંતુ ગત વર્ષે મેળવેલ શિષ્યવૃતિ વાળા વિદ્યાર્થીનો ડેટાબેઝ માંથી ડેટા આવશે.







અહીં વિદ્યાર્થી જે ધોરણમાં અભ્યાસ કરતો હોય તે ધોરણ પસંદ કરો. નોંધ: ચાલુ વર્ષે શાળા બદલેલ હોય પરંતુ ગત વર્ષે મેળવેલ શિષ્યવૃતિ વાળા વિદ્યાર્થીનો એક ધોરણ પ્રમોટ થઈને ડેટાબેઝ માંથી ડેટા આવશે.







અહીં વિદ્યાર્થીનું ફક્ત નામ લખવાનું રહેશે. શાળાનાં રેકર્ડ મુજબ લખવાનુ રહેશે.




અહીં વિદ્યાર્થીનાં પિતાનું નામ લખવાનું રહેશે. શાળાનાં રેકર્ડ મુજબ લખવાનુ રહેશે.

| | |
|---|---|
| **Last Name(Surname)*** | અહી વિદ્યાર્થીની અટક લખવાની રહેશે. શાળાનાં રેકર્ડ મુજબ લખવાની રહેશે. |
| **Student's Mother Name**<br>(વિદ્યાર્થીનાં માતાનું ફક્ત ટુંકુ નામ લખવું.) | અહી વિદ્યાર્થીના માતાનું ફકત ટુકુ નામ જેમકે GEETABEN, HINABEN,TINA એવી રીતે લખવાનું રહેશે. |
| **Family Income***<br>(કુટુંબની કુલ વાર્ષિક આવક લખવી.) | અહી વિદ્યાર્થીની ફેમીલીની ઈન્કમ(વાર્ષિક આવક) લખવાની રહેશે. |
| **Father/Guardian Occupation Type***<br>(પિતા/વાલીનો વ્યવસાય પસંદ કરવો.)<br>Select<br>Select<br>Defined Occupation(Defined Occupation)<br>Other(Other)<br>Unclean Occupation(Unclean Occupation) | અહી વિદ્યાર્થીના પિતાનો વ્યવસાય લખવાનો રહેશે. <u>નોંધ: ચાલુ વર્ષે શાળા બદલેલ હોય પરંતુ ગત વર્ષે મેળવેલ શિષ્યવૃતિ વાળા વિદ્યાર્થીનો ડેટાબેઝ માંથી ડેટા આવશે.</u> |
| Select<br>Select<br>Agriculture(ખેતી)<br>Govt.Service(સરકારી નોકરી)<br>Semi Govt.Service(અર્ધ સરકારી નોકરી)<br>Pvt-Service(ખાનગી નોકરી)<br>Business(ધંધો)<br>Labour(મજૂરી)<br>Farm Labour(ખેતમજૂર)<br>Carpenter(મીસ્રી)<br>Barber(નાયી)<br>Potter(કુંભાર )<br>Washerman(ધોબી) | Defined Occupation(Defined Occupation) માં વ્યવસાય પહેલાથી આપેલા જ છે તે મુજબ પસંદ કરવાનો રહેશે. ઉપરોક્ત સિવાયનાં વ્યવસાય જો પિતા કરતા હોયતો અધર પસંદ કરવાનું રહેશે. |
| Other(Other) | અધર વ્યવસાય (Other Occupation) પસંદ કરતા તેમાં ટેક્ષ બોક્ષમાં લખવાનો રહેશે. |

| | |
|---|---|
| **Mother Occupation Type***<br>(માતાનો વ્યવસાય પસંદ કરવો.) | અહી વિદ્યાર્થીની માતાનો વ્યવસાય લખવાનો રહેશે. |
| Select<br>Select<br>Defined Occupation(Defined Occupation)<br>Other(Other)<br>Unclean Occupation(Unclean Occupation) | Defined Occupation(Defined Occupation) માં વ્યવસાય પહેલાથી આપેલા જ છે તે મુજબ પસંદ કરવાનો રહેશે. ઉપરોક્ત સિવાયનાં વ્યવસાય જો પિતા કરતા હોયતો અધર પસંદ કરવાનું રહેશે. |
| Other(Other) | અધર વ્યવસાય પસંદ કરતા તેમાં ટેક્ષ બોક્ષમાં લખવાનો રહેશે. |
| **Date of Birth(dd/mm/yyyy)***<br>(જન્મ તારીખ આધાર કાર્ડમાં દર્શાવ્યા મુજબ લખવી.) | અહી વિદ્યાર્થીની જન્મ તારીખ લખવાની રહેશે. જન્મ તારીખમાં પહેલાં બે આંકડા તારીખનાં બીજા બે આંકડા મહીનાનાં અને છેલ્લા ચાર આંકડા વર્ષનાં લખવાના રહેશે. |
| **Gender(લીંગ)***<br>(આધાર કાર્ડમાં દર્શાવ્યા મુજબ પસંદ કરવી.) | Select<br>Select<br>Male<br>Female<br>Transgender<br><br>અહી વિદ્યાર્થીની જાતિ પસંદ કરવાની રહેશે. કુમાર માટે Male.કન્યા માટે Female પસંદ કરવાનું રહેશે. |
| **Name As Per Aadhaar***<br>(આધારમાં જે મુજબ નામ છે તે મુજબ નામ લખવુ.)<br>નેમ એઝ પર આધારમાં આધારકાર્ડમાં જે મુજબ નામ છે તે મુજબ જ લખવાનું રહેશે. આધાર કાર્ડમાં જે મુજબ નામ હોય તે મુજબ જ નામ લખવાનું રહેશે. | |
| **UID(Aadhaar Number)**<br>(૧૨ આંકનો વિદ્યાર્થીનો આધાર નંબર લખવો.)<br>અહી ૧૨ આંકડાનો આધાર નંબર લખવાનો રહેશે. ધોરણ ૯ થી ૧૦ માટે આધાર નંબર લખવો ફરજિયાત છે . | |
| Verify Aadhaar    **Aadhaar Status**<br>(ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે આધારનંબર વેરીફાય કરાવવો ફરજિયાત નથી.)<br><u>નોંધ : ધોરણ ૧ થી ૮માં આધાર વેરીફાય કરાવવો ફરજિયાત નથી. જો આધાર વેરીફાય ન કરાવો હોયતો આધાર નંબર નાખવો નહી</u> | |

<table>
<tr>
<td>
</td>
<td colspan="2">અહી વિધાર્થીની સામાજિક જાતિ પસંદ કરવાની રહેશે.નોંધ તમારી પેટા જાતિ અતિપછાત સિવાયની હશે તો ST (અનુસુચિત જનજાતિ) પસંદ કરવાનું રહેશે.</td>
</tr>
<tr>
<td>

CASTE</td>
<td></td>
<td>અહી વિધાર્થીની પેટાજાતિ પસંદ કરવાની રહેશે. નોંધઃ જો કાસ્ટમાં ST(અનુસુચિત જનજાતિ) પસંદ કરશો તો જ ઉપરોકત પેટાજાતિ જોવા મળશે.</td>
</tr>
<tr>
<td>
</td>
<td colspan="2">અહી વિધાર્થીની સામાજિક જાતિ પસંદ કરવાની રહેશે.નોંધ તમારી પેટા જાતિ અતિપછાત સિવાયની હશેતો ST (અનુસુચિત જનજાતિ પૈકી અતિપછાત)પસંદ કરવાનું રહેશે.</td>
</tr>
</table>

<table>
<tr>
<td>

CASTE<br>અહી ફકત અતિ પછાત જાતિ જ દર્શાવશે.</td>
<td>
</td>
<td>અહી વિદ્યાર્થીની પેટાજાતિ પસંદ કરવાની રહેશે. નોંધ: જો કાસ્ટમાં ST (અનુસુચિત જનજાતિ પૈકી અતિપછાત ) પસંદ કરશો તો જ ઉપરોકત પેટાજાતિ જોવા મળશે.</td>
</tr>
<tr>
<td>
</td>
<td colspan="2">અહી બાયડીફોલ્ટ તમારી શાળા જે જિલ્લામાં આવી છે તે જિલ્લોઆવી જશે.</td>
</tr>
<tr>
<td>

TALUKA</td>
<td colspan="2">તમે પસંદ કરેલ જિલ્લા પૈકી તમારો તાલુકો પસંદ કરવાનો રહેશે.</td>
</tr>
<tr>
<td>
</td>
<td colspan="2">તમે પસંદ કરેલ તાલુકા પૈકી તમારું ગામ પસંદ કરવાનુ રહેશે.શહેરી વિસ્તારમાં રહેણાંક હોયતો વીલેજ પસંદ કરવાનુ રહેશે નહી</td>
</tr>
<tr>
<td>
</td>
<td>
</td>
<td>જો વિદ્યાર્થી શહેરી વિસ્તારમાં રહેતો હોયતો અર્બન (URBAN) પસંદ કરવો. જો ગ્રામ્ય વિસ્તારમાં રહેતો હોયતો રૂરલ (RURAL) પસંદ કરો.</td>
</tr>
</table>

<table>
<tr>
<td>Address<br>(વિદ્યાર્થીનું હાલનું સ્થાનીક સરનામુ લખવું.)<br>(અહિ ફક્ત મકાન નંબર/પ્લોટ નંબર/બ્લોક નંબર/ફ્લેટ નંબર અને ગલી/મહલ્લો/સેક્ટર/પોળ કે વાસની વિગત લખવી.)</td>
<td>અહી વિદ્યાર્થીનું હાલનું સ્થાનીક સરનામુ લખવાનું રહેશે. અહી ફક્ત મકાન નંબર/પ્લોટ નંબર/બ્લોક નંબર અને ગલી/મહલ્લો/સેક્ટર/પોળ કે વાસ વગેરે વિગત લખવાની રહેશે.</td>
</tr>
<tr>
<td>PinCode*<br>PIN CODE</td>
<td>અહી વિદ્યાર્થીનું હાલનાં સરનામાનો ૬ આંકડાનો પીનકોડ લખવાનો રહેશે.</td>
</tr>
<tr>
<td>Physically Handicapped*  ◯ Yes ◯ No<br>(વિદ્યાર્થી દિવ્યાંગ હોય તો જ યસ(Yes) પસંદ કરવું.)</td>
<td>જો વિદ્યાર્થી દિવ્યાંગ(શારિરીક અશક્ત) હોયતો યસ(Yes) પર સિલેક્ટ કરવાનું રહેશે. નહી તો નો(No) પર સિલેક્ટ કરવાનું રહેશે.</td>
</tr>
<tr>
<td>Percentage of Disability*<br>Percentage of Disablity</td>
<td>જો વિદ્યાર્થી દિવ્યાંગ(શારિરીક અશક્ત) હોયતો હા(Yes) પર સિલેક્ટ કરેલ હશે તો કેટલા ટકા શારીરિક ખોડખાંપણ છે તે દર્શાવવાનું રહેશે.સરકાર માન્ય તબીબ ધ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર દર્શાવ્યા મુજબ લખવાનું રહેશે.</td>
</tr>
<tr>
<td colspan="2">Type of Disability*<br>◯ Blind(Visually Disabled) ◯ Hearing Impairment(Deaf) ◯ Leprosy cured ◯ Loco Motor Disability (Physically Handicapped) ◯ Low Vision(Visually Disabled) ◯ Mental Illness(Mentally Disabled) ◯ Mental Retardation (Mentally Disabled)<br>કયા પ્રકારની ખોડખાંપણ છે. તે દર્શાવવાની રહેશે. સરકાર માન્ય તબીબ ધ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર દર્શાવ્યા મુજબ પસંદ કરવાનું રહેશે.</td>
</tr>
<tr>
<td>Percentage obtained in last exam<br>(ધો-૯,૧૦માં છેલ્લે પાસ કરેલ પરીક્ષાની ટકાવારી લખવી ફરજીયાત છે</td>
<td>અહી વિદ્યાર્થીનાં છેલ્લે પાસ કરેલ પરીક્ષાનાં ટકા લખવાના હોય છે. <u>નોંધ :ધોરણ ૯ ૧૦માં આ ટકાવારી લખવી ફરજિયાત છે.</u></td>
</tr>
<tr>
<td>Hostel Type*  ◉ Not Applicable<br>(હોસ્ટેલમાં ન રહેતા વિદ્યાર્થી માટે નોટ એપ્લીકેબલ (Not applicable) પસંદ કરવું.)<br>◯ Private Hostel ◯ Government Hostel</td>
<td>◉ Not Applicable ◯ Private Hostel<br>◯ Government Hostel જો વિદ્યાર્થી હોસ્ટેલમાં ન રહેતો હોયતો નોટ એપ્લીકેબલ(લાગુ પડતુ નથી) પસંદ કરવાનું રહેશે. બાય ડીફોલ્ટ નોટ એપ્લીકેબલ પસંદ થયેલુ આવશે. જો સરકારી સિવાય હોસ્ટેલમાં રહેતો હોયતો પ્રાઈવેટ હોસ્ટેલ અને જો સરકારી હોસ્ટેલમાં રહેતો હોયતો ગર્વમેન્ટ હોસ્ટેલ પસંદ કરવાનું રહેશે.</td>
</tr>
</table>

Note:- Aadhaar Linking status is fetched from NPCI Server

☑ We have taken consent from respective student's parents

**Check Status of Bank & Aadhaar linking**

(આ બટન પર ક્લિક કર્યા બાદ ઓછામાં ઓછી ૧ મિનીટ રાહ જોવી.)

NPCI service will take more than 1 minute . Please do not refresh page

તમારો આધાર નંબર અને બેંક એકાઉન્ટ નંબર બેંક સાથે સિડીંગ (લીંક) થયેલ છે કે નહી અને કઈ બેંક સાથે થયેલ છે તેની ઓન લાઈન સર્વિસ આપેલ છે  તે માટે અહી ક્લિક કરવાન રહેશે.




NPCI service will take more than 1 minute . Please do not refresh page

ઉપરોક્ત બટન પર ક્લિક કરતા તે ડેટા એનપીસીઆઈનાં સર્વર પરથી મેળવવા માટે એક કરતા વધારે આશરે દોઢ મીનીટ લાગતી હોવાથી ત્યાં સુધી વેઈટ કરવા વિનંતી. રીફ્રેશ બટન દબાવવુ નહીં જો ૫ મિનીટ કરતા વધારે સમય લાગેતો બહાર નીકળી જવુ.

| Aadhar Bank Detail | | |
|---|---|---|
| Aadhar Number | 8126******63 | જે બેંક જોડે તમારો આધાર નંબર સિડીંગ થયેલ હશે તે બેંકનું નામ અને ક્યા આધારનંબર જોડે સિડીંગ છે તે ચકાસી ને આવશે તેનુ સ્ટેટસ એક્ટીવ છે કે નહી તથા વેરીફાય તારીખ અને સમય બતાવશે. |
| Bank name | State Bank Of India | |
| Status | Active ( 31/08/2017 15:33:59 ) | |

IFSC Code(Ex: SBIN0124152)*

IFSC Code માં ૧૧ આંકનો આલ્ફાન્યુમેરીક કોડ તમારી પાસબુકમાં દર્શાવ્યા મુજબ લખવાનો છે. IFSC Code માં ૫(પાંચ)મો અંક (૦)જીરો આવે

તમારી પાસે તમારી બેંકનો **IFSC Code** નથી તો **Know your IFSC Code** પર ક્લિક કરવાથી તમે જાણી શકશો. **Know your IFSC Code** પર ક્લિક કરવાથી બેંકની ગ્રીડ જોવા મળશે

**Know your IFSC Code**

| | |
|---|---|
|  | અહી તમારે જે બેંકનો આઈએફએસસી કોડ પસંદ કરવાનો હોય તે બેંક કયા પ્રકારની છે તે મુજબ પસંદ કરવાની રહેશે. જો નેશ્નલાઈઝ બેંક હોયતો બેંક જો કો ઓપરેટીવ બેંક હોયતો કો ઓપરેટીવ બેક અન. દેના ગુજરાત બરોડા ગુજરાત કે સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક હ ોયતો ગ્રામીણબેંક સિલેકટ કરવુ. |
|  | તમારા બેંકનું ખાતુ જે જિલ્લામા(District) હોય તે જિલ્લો પસંદ કરવાનો રહેશે. |
|  | તમારા બેંકનું ખાતુ જે બેંકમાં હોય તે બેંક(Bank) પસંદ કરવાની રહેશે. |
|  | ત્યારબાદ શો (Show) બટન પર કિલક કરવાનુ રહેશે. |

જેમ કે અહી અમદાવાદ જિલ્લો પસંદ કરતા અને તેમાં બેંક ઓફ ઈન્ડીઆ પસંદ કરતા અમદાવાદ જિલ્લાની તમામ બેંક ઓફ ઈન્ડીઆની બ્રાંન્ચ દેખાશે. તેમાં તેનો આઈએફએસસી કોડ દેખાશે. તેની કોપી પેસ્ટ કરી શકશો



| Sr No | Bank Name | Bank IFSC Code | Bank Branch Name | Bank Address | District Name |
|---|---|---|---|---|---|
| [illegible] | BANK OF INDIA | [illegible] | [illegible] | [illegible] | [illegible] |
| [illegible] | BANK OF INDIA | [illegible] | PANCHAVATI | PANCHAVATI AMBAWADI | [illegible] |
| [illegible] | BANK OF INDIA | [illegible] | ASHRAM ROAD | [illegible] | [illegible] |
| [illegible] | BANK OF INDIA | [illegible] | DELHI CHAKLA | [illegible] | [illegible] |

જો તમારી બેંક નવી બ્રાંન્ચ છે અથવા તમારી બેંકનો આઈએફએસસી કોડ નથી અને તમે તે કોડ જાણો છો તો તમે તેમાં ઉમેરી શકો છો.




| | |
|---|---|
|  | તમારા બેંકનું ખાતુ જે જિલ્લામાં હોય તે જિલ્લો પસંદ કરવાનો રહેશે. |
| | તમારા બેંકનું ખાતુ જે બેંકમાં હોય તે બેંક પસંદ કરવાની રહેશે. |

<table>
<tr><td></td><td>Branch Nameમાં તમારા બેંકની બ્રાંન્ચનુ નામ લખવાનુ રહેશે.</td></tr>
<tr><td></td><td>Branch Addressમાં તમારા બેંકની બ્રાંન્ચનુ સરનામુ લખવાનુ રહેશે.</td></tr>
<tr><td></td><td>IFSC Code માં આઈએફએસસી કોડ લખવાનો રહેશે.</td></tr>
<tr><td></td><td>Cityમાં તમારે શહેરનું નામ લખવાનુ રહેશે.</td></tr>
<tr><td></td><td>ત્યાર બાદ સબમીટ બટન પર ક્લિક કરતા આઈએફએસસી કોડ દાખલ થઈ જશે.</td></tr>
<tr><td colspan="2">IFSC કોડમાં તમારી બેંકનો આઈએફએસસી કોડ નાખતા નીચે તમારી બેંકનું નામ અને બ્રાંન્ચનુ નામ આવી જશે.</td></tr>
<tr><td>Bank Name*<br>Select</td><td>Bank Name માં આઈએફએસસી કોડ નાખતા તમારી બેંકનું નામ આવી જશે.</td></tr>
<tr><td>Bank Branch Name*<br>Select</td><td>Bank Branch Name માં  આઈએફએસસી કોડ નાખતાં બેંક શાખાનું નામ આવી જશે.</td></tr>
<tr><td>Bank Account Number(Ex.minimum 9 numbers)*<br>(બેંક એકાઉન્ટ નંબર ઓછામાં ઓછા ૯ આંકનો હોવો જરૂરી છે.)</td><td>Bank Account Number માં તમારુ ખાતુ જે બેંકમાં હોય તે ખાતા નંબર લખવાનો રહેશે.</td></tr>
<tr><td>Please Re-enter Bank Account Number*<br>(અહિ ફરીથી એનો એજ બેંક એકાઉન્ટ નંબર નાખવાનો હોય છે.)</td><td>Bank Account Number માં ઉપર નાખેલો <u>હોય તેનો તેજ ખાતા નંબર ફરીથી</u> લખવાનો રહેશે.</td></tr>
<tr><td>Name As Per Bank(As Mentioned in First Page of Passbook)*</td><td>બેંકમા(બેંક પાસબુકનાં પ્રથમ પાનામાં) તમારુ નામ જે મુજબ હોય તે મુજબ લખવાનુ રહેશે.</td></tr>
<tr><td>☐ As Per Above</td><td>જો તમારુ બેંકમાં રહેલ નામ તમારા શાળાનાં રેકોર્ડમાં રહેલ નામ મુજબ જ <u>હોય તો જ </u>એઝ પર એબોવ ચેક્ષ બોકસ પર ક્લિક કરવાનુ રહેશે.</td></tr>
<tr><td colspan="2">Account Holder Name*<br>(પાસબુકના પ્રથમ પાનામાં દર્શાવ્યા મુજબ નામ લખવું.)<br>(જો જોઇન્ટ એકાઉન્ટ (વિધાર્થી અને વાલીનુ સંયુક્ત એકાઉન્ટ) હોય તો પાસબુકમાં પ્રથમ દર્શાવેલ નામ લખવુ.)</td></tr>
<tr><td colspan="2">અહી તમારા બેંકમાં જે નામ હોય (બેક પાસબુકનાં પ્રથમ પાનામાં જે પ્રમાણે લખેલ હોય)તે મુજબ નામ લખવાનુ રહેશે. જો વિધાર્થી અને વાલીનું જોઈન્ટ એકાઉન્ટ હોયતો પાસબુકમાં પ્રથમ દર્શાવેલ નામ પહેલા લખવાનુ રહેશે.</td></tr>
</table>

| | |
|---|---|
|  | અહી વિધાથીનાં કુટુમ્બનો રેશનકાર્ડ નંબર લખવો. જો હોયતો ફરજિયાત નથી. |
|  | અહી વિધાથીનાં કુટુમ્બનો બીપીએલ નંબર લખવો. જો હોયતો ફરજિયાત નથી. |

છેલ્લે તમામ વિધાર્થીની ડેટા એન્ટ્રી થઈ ગયા બાદ સેવ સ્ટુડન્ટ ડીટેલ બટન પર સેવ કરવાનું રહેશે.




| | |
|---|---|
| નવા વિધાર્થીઓની ડેટા એન્ટ્રી કરવા માટે એડ ન્યુ એન્ટ્રી(Add New Entry) બટન પર ક્લિક કરો. |  |

દરેક વિધાર્થીની ડેટા એન્ટ્રી સફળતા પૂર્વક સેવ થયા બાદ Student Data Saved Successfully નો મેસેજ દેખાશે.




☛ નેમ એઝ પર બેંક એકાઉન્ટમાં વિધાર્થીનું નામ બેંક પાસબુકમાં રહેલ નામ મુજબ છે કે નહીં ચેક કરવુ. જો એકાઉન્ટ જીઈન્ટ હોય તો પાસબુકમાં પ્રથમ નામ રહેલ નાખવુ અથવા તે મુજબનું નામ છે કે નહીં ચેક કરવુ.

# જુના વિધાર્થીઓ માટે પ્રપોઝલ બનાવવી

## વર્ષ ૨૦૧૮–૧૯માં જુનો વિધાર્થી કોને ગણશો.

- ગત વર્ષ ૨૦૧૭–૧૮માં ધોરણ ૧માં ૭માં અભ્યાસ કરતો હોય અને બીજી શાળામાં પ્રવેશ ન  મેળવેલ હોય અને પોર્ટલ પર દરખાસ્ત કરેલ હોય
- ગત વર્ષ ૨૦૧૭–૧૮માં ધોરણ ૯માં  હોય અને પોર્ટલ પર દરખાસ્ત કરેલ હોય




એડીટ સ્ટુડન્ટ એન્ટ્રી પર ક્લિક કરતા ( **Edit Student Entry)** ગત વર્ષ ૨૦૧૭–૧૮માં ધોરણ ૧માં ૭માં અભ્યાસ કરતો હોય અને બીજી શાળામાં પ્રવેશ ન  મેળવેલ હોય અને પોર્ટલ પર દરખાસ્ત કરેલ હોય અનેગત વર્ષ ૨૦૧૭–૧૮માં ધોરણ ૯માં  હોય અને પોર્ટલ પર દરખાસ્ત કરેલ હોય તે તમામ વિધાર્થીઓનો ડેટા દેખાશે.

નોંધ :–ગત વર્ષનાં તમામ વિધાર્થીઓનાં વર્ષ ૨૦૧૮–૧૯માં એક ધોરણ પ્રમોટ કરેલ છે.







અહી જે જાતિની યોજનામાં રહેલાં વિધાર્થીઓનાં ડેટા જોવા હોય તે જાતિ પસંદ કરવાની રહેશે અહી અનુ જનજાતિ પર ક્લિક કરતાં આ જાતિની તમામ યોજનામાં ગત વર્ષ બનાવેલ પ્રપોઝલમાં રહેલા તમામ વિધાર્થીઓ અહી જોવા મળશે.



| Edit | Delete | Account Verification Status(Verified Date) | Error Message | Consent of Principal | Entry Date | StudentName | Class | UniqueCode (SSA StudentCode) |
|---|---|---|---|---|---|---|---|---|
| Edit | Delete | Account Verified by Bank and Name Consent not given by Principal | Beneficiary Name not matched. | Not Required | 06/03/2017 | DASHARATH DINESHBHAI BARJOD | 8 | 24060202833111 |
| Edit | Delete | Account Verified by Bank and Name Consent not given by Principal | | Not Required | 07/11/2017 | anshikatyagiabcd abcd abcd | 10 | |




અહી દરેક વિધાર્થી સામે એડીટ બટન હોય છે તે બટનપર ક્લિક કરતાં વિધાર્થીની એપ્લીકેશન ફોર્મ ખૂલી જશે તેમાં જે ડેટા (ફીલ્ડ) માં ભુલ હોય તે ડેટા (ફીલ્ડ) સુધારવાનાં રહેશે




## <u>ક્યા વિધાર્થીને ડીલીટ કરશો.</u>

જે શાળામાં ફક્ત ધોરણ ૧ થી ૫ ધોરણ ચાલતુ હોય તો ગત વર્ષ ૨૦૧૭–૧૮માં ધોરણ ૬માં અભ્યાસ કરતા વિધાર્થીઓને તે શાળામાંથી ડીલીટ મારવાના રહેશે.

જે શાળામાં ધોરણ ૧ થી ૮ ધોરણ સળંગ ચાલતુ હોય તો ગત વર્ષ ૨૦૧૭–૧૮માં ધોરણ ૮માં અભ્યાસ કરતા વિધાર્થીઓને તે શાળામાંથી ડીલીટ મારવાના રહેશે.

જે શાળામાં ધોરણ ૯ થી ૧૦ ધોરણ ચાલતુ હોય તો ગત વર્ષ ૨૦૧૭–૧૮માં ધોરણ ૧૦માં અભ્યાસ કરતા વિધાર્થીઓને તે શાળામાંથી ડીલીટ મારવાના રહેશે.

કોઈપણ એક શાળામાંથી બીજી શાળામાં જતા વિધાર્થીનેતે શાળામાંથી ડીલીટ મારવાના રહેશે.






એક ધોરણ પ્રમોટ કરેલ છે કે નહી તે ચકાસી લો.

જે ફીલ્ડમાં સુધારો કરવા માંગતા હોવ તે ફીલ્ડમા સુધારો કરી શકાશે.

<u>ગત વર્ષે જેનાં ડ્રાફ્ટ આવેલા હશે તેનાં બેંક ખાતા નંબર ફરીવાર બે વખત નાખવા પડશે.</u>




એકાઉન્ટ હોલ્ડર નેમમાં પાસબુકનાં પ્રથમ પાનામાં જે પ્રમાણેનામ હશે તે પ્રમાણે લખવાનું રહેશે જો જોઈન્ટ એકાઉન્ટ(સંયુકત એકાઉન્ટ) હોયતો જેનું નામ પ્રથમ હોય તેનું નામ લખવાનું રહેશે.

તમામ માહિતી ચકાસી છેલ્લે અપડેટ બટન પર કિલક કરવાનુ રહેશે.



# ભાગ–૨

## CREATE PROPOSALદરખાસ્ત કેવી રીતે બનાવશો.




મેઈન મેનુ માંઅહી ટ્રાયબલ ડેવલોપમેન્ટ ડીપાર્ટમેન્ટ(TDD) પર ક્લિક કરો.



ત્યારબાદ જે સ્કીમ (યોજના)ની દરખાસ્ત બનાવવાની હોય તે ને પસંદ કરો.



અનુસુચિત જનજાતિનાં ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતા(<u>અતિ પછાત સિવાયનાં</u>) વિધાર્થીઓની <u>સ્કોલરશીપની દરખાસ્ત બનાવવા</u> માટે પસંદ કરો.



અનુસુચિત જનજાતિનાં ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતા <u>ફકત અતિ પછાત વિધાર્થીઓની સ્કોલરશીપ ની દરખાસ્ત બનાવવા</u> માટે પસંદ કરો.



આમ જે સ્કીમ(યોજના)દરખાસ્ત (પ્રપોઝલ) બનાવવાની હોય તે પસંદ કરો.

પસંદ કરેલ સ્કીમ(યોજના) મુજબ તમારે કેટલા વિધાર્થીઓની પ્રપોઝલ(દરખાસ્ત) બનાવવાની છે.તે નકકી કરો.

## <u>જેટલા વિધાર્થીઓની પ્રપોઝલ(દરખાસ્ત) બનાવવાની હોય તે મુજબ વિધાર્થીઓ શોધો (search student)</u>

| | | |
|---|---|---|
| StudentID(UID No/Unique Code) | | તમે પસંદ કરેલ યોજનામાં જો કોઈ એક વિધાર્થીની પ્રપોઝલ બનાવવી હોય તો તેનો આધારનંબર કે એસએસએ યુનીક કોડ જાણતા હોઈએ તો ગમે તે એક નંબર નાખી ને સો <u>(show)</u> બટન દબાવતા તે વિધાર્થીનો ડેટા આવી જશે. |
| Caste Select |  | તમે પસંદ કરેલ યોજનાની અહી ફકત કોઈ એક જ પેટાજાતિની ની દરખાસ્ત બનાવવાની હોય તો તે પેટા જાતિ પસંદ કરવાની રહેશે. |

| | |
|---|---|
| Class ALL | તમે પસંદ કરેલ યોજનાના તમામ ધોરણની દરખાસ્ત બનાવવાની હોયતો ડાયરેક્ટ ક્લાસમાં ALL પસંદ કરો |
| Show | છેલ્લે શો (Show) બટન પર ક્લીક કરો. |
| અહી તમે પસંદ કરેલ યોજનાના તમે પસંદ કરેલ શરતો મુજબ તમામ વિદ્યાર્થીઓનાં ડેટા જોવા મળશે. | |



છેલ્લે ફાઈનલ જેટલા વિદ્યાર્થીઓની દરખાસ્ત બનાવવાની હોય તે બધાને સિલેક્ટ કરો અને **Add To Proposal From Grid** બટન પર ક્લીક કરો.

આમ તમારી પ્રપોઝલ (દરખાસ્ત) તૈયાર થઈ જશે.

Scholarship Proposal

**RequestId** **180000000109** **SchemeName** **VKY-153 Pre Matric Scholarship (Std 1 to 8)**

અહી એક **RequestId** **180000000109** તમારી સ્કીમ(યોજના)મુજબ જનરેટ થશે.

| Delete | Account Verification Status(Verified Date) | Error Message | Consent of Principal | StudentName | Caste | SubCaste | Bank AccountNo | Bank Name | Bank IFSCCode | Bank BranchName | UID |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Delete | Pending | | Not Required | demo | ST:અનુસૂચિત જન જાતિ | Bhil | | BANK OF BARODA | BARB0VAGRAX | VAGRA DIST. BHARUCH, GUJARAT | |
| Delete | Pending | | Not Required | demo | ST:અનુસૂચિત જન જાતિ | Bhil | | BANK OF BARODA | BARB0VAGRAX | VAGRA DIST. BHARUCH, GUJARAT | |
| Delete | [illegible] | | Not Required | demo | ST:અનુસૂચિત જન જાતિ | Bhil | | BANK OF BARODA | BARB0VAGRAX | VAGRA DIST. BHARUCH, GUJARAT | |

Print Proposal Send Higher Authority

જો પ્રપોઝલ(દરખાસ્ત) ભૂલથી થઈ હોય અથવા ન જોઈતી હોયતો Delete નામનું બટન દબાવો.

પ્રપોઝલ(દરખાસ્ત) બરાબર હોયતો Print Proposal પ્રિન્ટ પ્રપોઝલ નામના બટન પર કલીક કરો અને તે મુજબ કરતા પીડીએફ ફાઈલમાં તમારી પ્રપોઝલ જનરેટ(બનશે) અને પ્રિન્ટ થશે.

જો પ્રપોઝલ(દરખાસ્ત) આગળ મંજુરી માટે મોકલવા માટે Send Higher Authority સેન્ડ ટુ હાયર ઓથોરીટી ને મોકલો.

- ☛ બેંક એકાઉન્ટ નંબર ડોરમેટ નથી બેંક એકાઉન્ટ નંબર ઈનએકટીવ નથી. બેંક એકાઉન્ટ નંબર કેવાયસી પૂર્ણ કરેલ નથી જેવી ખાતરી કરીને જ પ્રપોઝલ બનાવશો.
- ☛ બેંક એકાઉન્ટ સમગ્ર સ્કોલરશીપ ન મળે ત્યાં સુધી બંધ ન કરવુ તેવુ વાલીને સુચન કરવુ.

# ભાગ–૩

## તૈયાર કરેલ પ્રપોઝલ(દરખાસ્ત)નું લિસ્ટ જોવુ.




શાળા ધ્વારા તમામ યોજનાઓની થયેલ પ્રપોઝલ (દરખાસ્ત)જોવા માટે પ્રપોઝલ લિસ્ટ પર ક્લિક કરો.







આ પ્રપોઝલ આઈડી તરીકે ઓળખાશે.




તમે કરેલ પ્રપોઝલ(દરખાસ્ત) કઈ સ્કીમની છે તે દર્શાવશે.




તમે કરેલ પ્રપોઝલ(દરખાસ્ત) જો તમારે લેવલે એટલે કે શાળાકીય લેવલે હશે તો સ્ટેટસમાં Application is inwarded બતાવશે.

| | |
|---|---|
| Status Sent To Related Office | તમે કરેલ પ્રપોઝલ(દરખાસ્ત) જો આગળનાં લેવલે એટલે કે સંલગ્ન વિભાગ લેવલે હશે તો સ્ટેટસમાં Sent To Related Office બતાવશે. |
| Edit | તમે કરેલ પ્રપોઝલ(દરખાસ્ત) જો તમારે સુધારો વધારો કરવો હોયતો Edit બટન પર ક્લિક કરવાનું રહેશે.દા.ત કોઈ વિધાર્થીને પાછળથી ઉમેરવો હોયતો અહીથી ઉમેરી શકાય છે. |
| Documen | **ધોરણ ૯ ૧૦માં ૨.૦૦ લાખથી ઓછી આવક વાળા માટે જ આવકનો તથા જાતિનો સક્ષમ અધિકારી ધ્વારા ઈસ્યુ કરેલા પ્રમાણપત્રો આપલોડ કરવાનાં હોય છે.** |
| View | તમે કરેલ પ્રપોઝલ(દરખાસ્ત) જો તમારે સુધારો વધારો કરવો હોયતો View બટન પર ક્લિક કરવાનું રહેશે. |
| Send | તમે કરેલ પ્રપોઝલ(દરખાસ્ત) જો તમારે મંજુરી માટે આગળ મંજુરી માટે મોકલવી હોયતો Send બટન પર ક્લિક કરવાનું રહેશે. |
| Delete | તમે કરેલ પ્રપોઝલ(દરખાસ્ત) જો તમારે ડીલીટ કરવી હોયતો Delete બટન પર ક્લિક કરવાનું રહેશે. |
| Withdraw | તમેઆગળ સેન્ડ કરેલ પ્રપોઝલ(દરખાસ્ત)માં કંઈ ભુલ છે તેવુ પાછળથી માલુમ પડેતો **તેની ઉપર જો હાયર ઓથોરીટી એ કાર્યવાહી ન કરેલ હોય તો તે પ્રપોઝલ વીથડ્રો બટન પર કલીક પાછી ખેંચી શકાશે.** |

- ☛ ધોરણ ૧ થી ૮માં આધાર વેરીફાય ફરજિયાત નથી.
- ☛ ધોરણ ૧ થી૮માં કોઈ ડોક્યુમેન્ટસ અપલોડ કરવાનાં નથી.
- ☛ ધોરણ ૧ થી ૮માં ગત વાર્ષિક પરીક્ષામાં મેળવેલ ટકા લખવા ફરજિયાત નથી.

- ☛ ધોરણ ૯ થી ૧૦માં ૨.૦૦ લાખથી ઓછી આવક ધરાવતા વિધાર્થીઓ માટે આવકનો દાખલો, જાતિનો દાખલો અને જો દિવ્યાંગ હોયતો માન્ય મેડીકલ ઓથોરીટી ધ્વારા ઈસ્યુ કરવામાં આવેલ દિવ્યાંગતાનું પ્રમાણપત્ર અપલોડ કરવાનુ રહેશે.
- ☛ ધોરણ ૯ ૧૦માં આધારનંબર હોવો ફરજિયાત છે અને આધાર નંબર વેરીફાય કરાવવો ફરજિયાત છે.
- ☛ ધોરણ ૯ થી ૧૦માં ગત વાર્ષિક પરીક્ષામાં મેળવેલ ટકા લખવા ફરજિયાત છે.

# ભાગ ૪ રીપોર્ટ




રીપોર્ટમાં વિદ્યાર્થીને લગતી તમામ માહિતી જોઈ શકાશે . વિદ્યાર્થીને સંલગ્ન રીપોર્ટ જોવા માટે સ્ટુડન્ટ પર ક્લિક કરવાનુ રહેશે.

રીપોર્ટમાં વિદ્યાર્થીનાં બેંકને લગતી તમામ માહિતી જોઈ શકાશે .




કઈ જાતિ અથવા તો અનુસુચિત જાતિમાં કઈ જ્ઞાતિ આવે અનુજનજાતિમાં કઈ જ્ઞાતિ આવે તે જોવા માટે કાસ્ટ લીસ્ટ પર ક્લિક કરવાનું રહેશે.




કોઈપણ વર્ષમાં બનાવેલ પ્રપોઝલની પ્રિન્ટ કાઢવા માટે પ્રિન્ટ પ્રિ મેટ્રીક પ્રપોઝલ પર ક્લિક કરવાનું રહેશે.




જે નાણાંકીય વર્ષમાં કરેલ પ્રપોઝલની પ્રિન્ટ કાઢવાની હોય તે નાંણાંકીય વર્ષ પસંદ કરવાનું રહેશે. <u>પ્રપોઝલ પ્રિન્ટ હવે ગમે ત્યારે કાઢી શકાશે.</u>




અહી જે ડીપાર્ટમેન્ટની યોજનાની પ્રપોઝલની પ્રિન્ટ કાઢવાની હોય તે પસંદ કરી શો બટન પર ક્લિક કરવાનુ રહેશે.

# સ્ટુડન્ટ રજિસ્ટર




તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રી થઈ ગયાબાદ  અને જુના વિદ્યાર્થીઓ નાં સુધારા વધારા થઈ ગયાબાદ શાળાના તમામ વિદ્યાર્થીઓની એન્ટ્રી ચકાસવા માટે પ્રિન્ટ સ્ટુડન્ટ રજિસ્ટર પર ક્લિક કરવાનું રહેશે. સ્ટુડન્ટ રજિસ્ટર વર્ડ,એક્સેલ વગેરે ફોરમેટમાં ડાઉનલોડ કરી શકશો




અહીં ઓલ પર પસંદ કરતા તમામ જાતિનાં વિદ્યાર્થીઓની માહિતી જોઈ શકાશે અને જો કોઈ જાતિનાં વિદ્યાર્થીઓની માહિતી જોવી યતો તે જાતિ પસંદ કરવાની રહેશે.

# સ્કીમ રજિસ્ટર(Scheme Register)

Student Register

Student Entry

Edit Student Entry

Print Student Register

Scheme Register

શાળામાં તમામ વિભાગની જુદી જુદી યોજનામાં ધોરણ વાઈઝ કેટલાં વિધાર્થીઓ છે અને કેટલાં યોજનામાં કેટલાં રૂપિયા મળવાપાત્ર છે તે જોઈ શકાય છે.

VKY-153 Pre Matric Scholarship (Std 1 to 8) ( Code-550 Director Name-Tribal Development Department)

| Class | Student Name | Aadhar No | Category | Gender | Scholarship Amount | Uniform Amount | Allowance | Total Amount | Caste |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 2 | JAGDISH KALSINGHBHAI BARIYA | 10xxxxxx5077 | ST | Male | 500 | 600 | 0 | 1100 | Dungari bhil |
| | ZEEL KALPESHBHAI PARMAR | 10xxxxxx8942 | ST | Female | 500 | 600 | 0 | 1100 | Bhil |
| | **Class Total: 2** | | | | 1000 | 1200 | 0 | 2200 | |
| 3 | BHOOMIBEN MUKESHBHAI BHAGORA | | ST | Female | 500 | 600 | 0 | 1100 | Bhil |
| | SAHIL RAJESHKUMAR VASAVA | | ST | Male | 500 | 600 | 0 | 1100 | Bhil |
| | SHUBHAMBHAI NANJIBHAI MACHHAR | | ST | Male | 500 | 600 | 0 | 1100 | Bhil |
| | UJASH VIPULKUMAR MAL | 10xxxxxx2538 | ST | Male | 500 | 600 | 0 | 1100 | Bhil |
| | **Class Total: 4** | | | | 2000 | 2400 | 0 | 4400 | |
| **Scheme Total:** | 33 | | | | 21250 | 19800 | 0 | 41050 | |

અહી શાળાનો કયો વિધાર્થી કઈ યોજનામાં છે તેને કેટલી રકમ મળવાપાત્ર છે તે યોજનામાં ધોરણ પ્રમાણે કુલ કેટલાં વિધાર્થીઓ છે અને યોજના દીઠ કેટલાં વિધાર્થીઓ છે કેટલી રકમ તે સહીતની તમામ વિગતોનુ રજિસ્ટર જોવા મળશે. છેલ્લો ડેટા કયારે અપડેટ કર્યો તેની માહિતી જોવા મળશે.

**Data As On:**7/13/2018 7:11:25 PM

વધુ માહિતી માટે મળો

નજીકની મદદનીશ કમિશ્નરની કચેરી અથવા

રાકેશ પી ઠાકર ૯૬૨૪૩૮૮૩૫૩